ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ઠંડા પવનોના સુસવાટા

## લઘુત્તમ તાપમાન ૮.૭ ડિ.સે. પહોંચ્યુ : ઠંડા પવનોના કારણે ઠંડીની અસર વધુ જણાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સુસવાટા મારતા ઠંડા પવનોનો કહેર જારી રહ્યો છે. જેના કારણે લઘુત્તમ તાપમાન ૮.૭ ડિ.સે. સુધી પહોચી જતાં વસાહતીઓ હાડ થીજવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. લઘુત્તમ તાપમાન ૮.૭ ડિ.સે. સુધી પહોંચી જતા વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં સુસવાટા મારતા પવનોની સાથે હાડ થીજવતી ઠંડી પડી રહી છે. વસાહતીઓ ઠંડીમાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. સતત ફુંકાતા ઠંડા પવનોના કારણે આખો દિવસ ગરમ વસ્ત્રોમાં વિંટળાઈને ફરવુ પડે છે. ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબ વર્ગની હાલત આવી આકરી ઠંડીમાં ખુબ કફોડી બની છે. ઘરના બારી-બારણા પણ આખો દિવસ બંધ રાખવા પડે છે. જાન્યુઆરી માસના છેલ્લા દિવસોમાં પડી રહેલી આકરી ઠંડી સૌ કોઈને હેરાન પરેશાન કરી રહી છે. વસાહતીઓ હવે ઠંડીથી કંટાળી ગયા છે અને ઠંડી ઓછી થાય તેવી ઈચ્છા રાખી રહ્યા છે.

# જાણીતા કવિ ભાગ્યેશ જહાના ત્રણ પુસ્તકોનું આજે વિમોચન

ગાંધીનગર, તા. ૨૯

જાણીતા કવિ અને સનદી અધિકારી શ્રી ભાગ્યેશ જહાના ત્રણ પુસ્તકોનો વિમોચન સમારોહ આવતીકાલે તા. ૩૦મી જાન્યુઆરીના રોજ સાંજે પાંચ વાગે ટાગોર હોલ, પાલડી અમદાવાદ ખાતે યોજાશે.



આ શબ્દ સ્વીકૃતિ સમારોહમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પૂ. મોરારિબાપુ તથા જાણીતા લેખિક વિનોદ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહેશે. સંચાલન અંકિત ત્રિવેદી કરશે.

ગુજરાત સરકારના મુખપત્ર 'ગુજરાત'ના સંપાદકિય લેખોનો સંચય 'આમુખ'નું વિમોચન આ પ્રસંગે કરવામાં આવશે. શ્રી ભાગ્યેશ જહાએ તેમની વિશેષ શૈલીથી પ્રત્યેક સંપાદકીય લેખોને એક ઉંચાઈ બક્ષી છે. જે વાચકોને સ્પર્શી જાય છે. બીજુ પુસ્તક છે સમય સ્તોત્ર. શ્રી ભાગ્યેશ જહા આ પુસ્તકમાં આલેખાયેલી વાત વિશે સ્વયં કહે છે કે હું સમયને હવે ટુકડાઓમાં જોતો નથી, એ તો એક સળંગ પ્રવાહ છે, પખાળે છે મને, મારી નદી થઈને, મારામાં જ એક ધોધમાર વરસાદ થઈને.


શ્રી ભાગ્યેશ જહાનું ત્રીજું પુસ્તક છે 'સંકોચાયેલું મૌન' કવિતા પોતે જ ગંતવ્ય બન છે ત્યારે તેમાંથી સ્રવતી બેફિકરાઈ કે ખુમારી આખા સંદર્ભ વિશ્વને જે રીતે હડસેલે છે તે પોતે પણ એક જીવન જડીબુટ્ટી તરીકે ઉભરી આવે છે. ઉપેક્ષાના સૌંદર્ય બોધનું એક વૈયક્તિક બોધિવૃક્ષ ઉગી નીકળે છે. આ ત્રણેય પુસ્તકોના શબ્દ સ્વીકૃતિ સમારોહમાં ઉપસ્થિત રહેવા શ્રી કૃષ્ણકાંત જહા અને નવભારત સાહિત્ય મંદિરના શ્રી જયેશ શાહે નિમંત્રણ પાઠવ્યું છે.

# અંબોડ અશ્વ મહોત્સવ : આજથી દિલધડક અશ્વ દોડ સ્પર્ધા યોજાશે

## દેશભરમાંથી ૬૦૦ થી વધુ અશ્વો આવશે : વિવિધ ઓફ રોડિંગ રેસ : સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત પશુપાલન ખાતુ અને અશ્વ મેળા સોસાયટી અંબોડના સંયુક્ત ઉપક્રમે ૨૮ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગર મહુડી માર્ગ અંબોડ



સાબરમતી નદીના પટમાં મેગા-ઈવેન્ટ અશ્વ મેળો અને અશ્વ શો નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અશ્વો સંલગ્ન વિવિધ હરિફાઈઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. અશ્વમેળાનો સમાપન સમારંભ આગામી ૩જી ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ રાજ્યના મુખ્ય મંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્પર્ધકોનું પણ મુખ્યમંત્રીના હસ્તે ખાસ સન્માન કરવામાં આવશે.



ગાંધીનગર મહુડી માર્ગ પર અંબોડ ગામમાં શરૂ થયેલ અશ્વ મેળામાં ભારતભરમાંથી કુલ ૬૦૦ જેટલા અશ્વો અને અશ્વ સવાર આવનાર છે. અંબોડ અશ્વ મહોત્સવમાં ૩૧ જાન્યુ. અને ૧ ફેબ્રુ-૨૦૧૫ના રોજ ૨૦, ૬૦, ૮૦ અને ૧૨૦ કિ.મી.ની એન્ડયુરન્સ અશ્વ દોડ યોજાશે. આ દોડનું સંચાલન ઓલ ઈન્ડિયા ઓલમ્પિક માન્ય સંસ્થા ઈક્વેસ્ટ્રીયન ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. જેમાં સ્પર્ધા માટેના જજ અને નિષ્ણાંતો દિલ્હીથી આવનાર છે. મેળામાં તા. ૧ ફેબ્રુઆરીના રોજ કોતરોની અંદર બનાવાયેલ ટ્રેક ઉપર એસ.યુ.વી.ઓફ રોડિંગ રેસનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જ્યારે ૨ ફેબ્રુઆરીના રોજ પોલ બિલ્ડિંગ, બેરલ રેસિંગ, ઓબ્સ્ટીકલ કોર્સ, રેવાલ દોડ, પાટી દોડ જેવી વિવિધ અશ્વ સ્પર્ધાઓ યોજાશે. ૩ ફેબ્રુઆરીના રોજ અવ્વલ જાતિના મારવાડી અને કાઠીયાવાડી અશ્વોની રીંગ યોજાશે.

અશ્વમેળામાં તા. ૩૦, ૩૧ જાન્યુ અને ૧ ફેબ્રુ. દરમિયાન રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ સાથે બાળકો માટે ખાસ ચકડોળ, ચકેડી, ખાણી-પીણીના સ્ટોલ અને અશ્વ શણગારની દુકાનો પણ મુલાકાતીઓ માટે ઉભી કરવામાં આવી છે. મેળામાં આયોજક દ્વારા ઘોડા માટે તંબુનો કોઈ ચાર્જ નથી અને ઘોડા દીઠ રૂ. ૧૦૦૦ ટ્રાન્સપોર્ટેશન સબસીડી પણ આપવામાં આવે છે. અંબોડ અશ્વ મહોત્સવનું આયોજન નિવૃત આઈ.એ.એસ. અધિકારી રણજીતસિંહજી વાઘેલા અને સર્વદમનસિંહજી વાઘેલાના યજમાન પદે થઈ રહ્યું છે. જિલ્લાના અશ્વપ્રેમીઓ અને નાગરિકોને આ મેળાની મુલાકાત લેવા જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં ધોરણ-૧૦-૧૨ની પરીક્ષાના બે કેન્દ્રો વધારવા દરખાસ્ત

## ઘણીવાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા દુર સુધી લાંબા થવું પડતું હોવાથી શિક્ષણ તંત્રએ દરખાસ્ત કરી

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ ૨૦૧૫માં લેવાનારી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાંથી ૪૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર કક્ષાએથી પણ ગાંધીનગરમાં બે પરીક્ષા કેન્દ્રો વધારવા બોર્ડને દરખાસ્ત કરવામાં આવી છે.

શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડની પરીક્ષાને અનુલક્ષી જરુરી પૂર્વ આયોજનને અનુલક્ષી બેઠકોનો દૌર પણ શરુ કરી દેવાયો છે. આગામી બોર્ડ પરીક્ષામાં ધો-૧૦માં ૩૧૭૦૯ તેમજ ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩,૭૮૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આગામી તા. ૧૩ માર્ચથી શરુ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. બીજી તરફ શિક્ષણ બોર્ડ અને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પરીક્ષાના આયોજન સંદર્ભે બેઠકોનો દૌર હાથ ધરી પૂર્વ તૈયારી શરુ કરી દેવાઈ છે. આ ઉપરાંત ગાંધીનગરને વધુ બે કેન્દ્રો ફાળવવા પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા બોર્ડને દરખાસ્ત કરવામાં આવી છે. ઉત્તર અને

● અનુસંધાન પાન-૭ પર

# 'ઘ' માર્ગના મજબૂતીકરણ માટે દરખાસ્ત કરાશે

## શહેરનું ૫૧૪ કી.મી. રોડ નેટવર્ક નમૂનારૂપ : માર્ગ રીસરફેસીંગના મોટા ભાગના કામો પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૯

શહેરના ૫૧૪ કી.મી.ના રોડ નેટવર્ક પૈકી મોટા ભાગના માર્ગોનું રીસરફેસીંગ થઈ ગયું છે. જયારે શહેરના મુખ્ય 'ઘ' માર્ગ તેમજ રોડ નં. ૬ને ૪ વર્ષના અંતે આગામી સમયમાં રીસરફેસીંગ હેઠળ આવરી લેવામાં આવશે. અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ શહેરનું રોડ નેટવર્ક નમૂનારૂપ હોવાનું સ્પષ્ટ થયું હતું.

ઉભા અન આડા રસ્તાઓ આસપાસ પથરાયેલા નગરના વિવિધ સેકટરોના આંતરિક માર્ગોનું પણ મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. શહેરના ઉભા અને આડા ૧૪ માર્ગો પૈકી 'ઘ' માર્ગ અને રોડ નં. ૬ સિવાયના તમામ માર્ગો ચકાચક બનાવી દેવાયા છે. રોડ નં. ૬ અને 'ઘ' માર્ગની સુધારણાનું કામ ૪ વર્ષ પૂર્વે હાથ ધરવામાં આવ્યું હતું. જયારે નિયત સમયના અંતે હવે આગામી દિવસોમાં આ બંને માર્ગોની સુધારણાનું કામ હાથ ધરાશે. શહેરના નવા સેકટરો ઉપરાંત જૂના સેકટરોના આંતરિક માર્ગોનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જો કે સે-૨૧ સહિતના કેટલાક કોમર્શિયલ વિસ્તારમાં તેમજ સરકારી વસાહતના આંતરિક રસ્તાઓની સુધારણાનું કામ હજુ બાકી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગ સુધારણા અને બ્યુટીફીકેશનને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં માર્ગ સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જેના પરિણામે નગરનું રોડ નેટવર્ક નમૂનારૂપ હોવાનો સુર ઉઠવા પામ્યો છે ત્યારે શહેરના મુખ્ય 'ઘ' માર્ગ અને 'ક' માર્ગથી અક્ષરધામ તરફ જતા ઉભા રોડ નં. ૬ની સુધારણાનું કામ હાથ ધરવા પણ આગામી સમયમાં દરખાસ્ત કરવામાં આવશે.







દિવા તળે અંધારું.... - વાયબ્રન્ટ મોડ ઉપર દોડતું ગાંધીનગર નજર લાગે એવી રીતે વિકસી રહ્યું છે. પહોળા, સુંદર, સ્વચ્છ માર્ગો, અદ્યતન ઈમારતો, સ્વર્ણિમ પાર્ક અને મહાત્મા મંદિર જેવા પ્રથમ નજરે ગમી જાય એવા આયોજનો... આ બધુ જ છે, મંજુર છે, પરંતુ એની બીજી બાજુ પણ વરવી બનતી જાય છે... સેક્ટર-૩૦ સર્કલ પાસે ભંગારમાં હાલતમાં પડેલી પોલીસ ચોકીને હટાવવા કે ઉઠાવવા માટે કોઈની પાસે સમય નથી... મંત્રીઓના નિવાસસ્થાન નજીક છે, સેંકડો અધિકારીઓ અને પદાધિકારી આ સર્કલ પાસેથી પસાર થાય છે... પરંતુ કોણ ઉઠાવશે આ ભંગારને એ હજુ નક્કી નથી થઈ શક્યું... સ્વચ્છ ભારત અભિયાનના પગલે જો આ ભંગાર હટાવાય તો રૂડું લાગતું ગાંધીનગર વધુ રૂડું લાગશે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પળાશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના -ણના બલિદાન આપ્યા છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ને શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ ઉપર મુજબ વગાડવામાં આવશે.

# સ્ટેલી પર ફાયરીંગ કરનાર જીતુની આખરે ધરપકડ

## મુખ્ય સૂત્રધાર જીતુ દાઉદના ચાર દિવસના રિમાન્ડ મંજુર : હથિયાર અને અન્ય સાગરીતની ધરપકડ માટે પુછપરછ શરૂ

ગાંધીનગર, તા. ૨૯

પેથાપુરના બુટલેગર સ્ટેલી ઉપર ખુલ્લેઆમ ફાયરીંગ કરીને ફરાર થઈ ગયેલો લીસ્ટેડ જુગારી જીતુ ઊર્ફે દાઉદ આખરે પોલીસ સકંજામાં આવી ગયો છે. ગત રાત્રીના અરસામાં પેથાપુર પોલીસે ફાયરીંગના મુખ્ય સૂત્રધાર જીતુની ધરપકડ કરી લીધી હતી. કોર્ટે આજે તેની ઉંડી પુછપરછ માટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કરતાં પેથાપુર પોલીસે પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર નજીક પેથાપુર ચોકડી પાસે રૂ. ૪ હજારની લેતીદેતીમાં લીસ્ટેડ જુગારી જીતુ ઊર્ફે જીતેન્દ્રસિંહ ઊર્ફે દાઉદ નટવરસિંહ વાઘેલા તથા અન્ય એક સાગરીતે મળીને ખુલ્લેઆમ પેથાપુરના બુટલેગર શૈલેન્દ્રસિંહ ઊર્ફે સ્ટેલી ઉપર ધનાધન ફાયરીંગ કર્યું હતું. ગેરકાયદે હથિયાર વડે ફાયરીંગ કરીને ભાગેલા બંને આરોપીઓ છેલ્લા દસ દિવસથી નાસતા ફરતા હતા. તે પૈકી મુખ્ય સૂત્રધાર જીતુ ઊર્ફે દાઉદને ગઈ રાત્રે પેથાપુર પોલીસે ધરપકડ કરી લીધી હતી. પેથાપુર પી.એસ.આઈ. ડી.બી. વાળાએ તેની ધરપકડ કરીને આજે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે તેની પુછપરછ માટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આરોપી જીતેન્દ્રસિંહ ઊર્ફે જીતુ ઊર્ફે દાઉદે હથિયાર ક્યાં સંતાડ્યું છે ? તે ગુનામાં વપરાયેલુ હથિયાર કબ્જે લેવાથી માંડીને તેનો સાગરીત ક્યાં સંતાઈને ફરે છે, તેની ધરપકડ માટે ઊંડી પુછતાછ શરૂ કરવામાં આવી છે.

# સે-૧૪ રેલવે કોલોની તરફ જવાનો રસ્તો મનસ્વી રીતે બંધ કરી દેવાયો

## રેલવે કોલોનીના રહીશોને શોપિંગ જવા માટે પણ ૨ કી.મી. લાંબા થવું પડે છે : વિદ્યાર્થીઓની સલામતી પણ જોખમાઈ



(તસવીર : ધનંજય જોષી)

ગાંધીનગર, તા. ૨૯

સે-૧૪માં રેલવે કોલોની તરફ જવાનો રસ્તો બંધ કરી દેવાતા સ્થાનિક રહીશોએ શોપિંગ જવા માટે પણ ૨ કી.મી.નું અંતર કાપવું પડે છે. કોલોની અને ખાનગી રહેણાંક વચ્ચે તાર ફેન્સીંગ લગાવી દેવાતા રેલ કર્મચારીઓના બાળકને લેવા સ્કુલ વર્ધીના વાહનો પણ આવી શકતા નથી. આ મામલે સ્થાનિક રહીશો દ્વારા મામલતદારને પણ રજૂઆત કરવામાં આવી છે.

નગરના ખૂણામાં સ્થિત રેલવે સ્ટેશનના મામલે છાશવારે અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની છે. મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ભૂલભૂલૈયા સમાન બન્યો છે. જેના પરિણામે બહારગામથી આવતા મુલાકાતીઓ પણ દીશા વિહોણા બને છે. જયારે હવે રેલવેના કર્મચારીઓને પણ પોતાના ઘર સુધી પહોંચવાનો રસ્તો પણ બંધ થયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સે-૧૪ સ્થિત રેલવે કોલોનીમાં રેલવે સ્ટાફના ૫૦થી વધુ પરિવારજનો વસવાટ કરે છે. રેલવે કોલોનીથી ખાનગી રહેણાંક તરફ જતો માર્ગ અચાનક બંધ થતા રેલવે કર્મચારીઓમાં રોષ પ્રવર્ત્યો છે. વાઈબ્રન્ટ વેળાએ થોડા દિવસ માટે આ રસ્તો બંધ રાખવામાં આવ્યો હતો પરંતુ હાલ પણ ખાનગી રહેણાંકના રહીશો દ્વારા આ રસ્તાને બંધ કરવા ફેન્સીંગ કરી દેવાયું છે. રસ્તો છીનવાઈ જતા રેલવેના કર્મચારીઓ તેમજ અન્ય રહીશો વચ્ચે ચકમક ઝરી હોવાનું પણ મનાઈ રહ્યું છે. રહીશોના જણાવ્યા મુજબ મનસ્વી રીતે માર્ગ બંધ કરી દેવાતા શોપિંગ જવા માટે પણ બે કી.મી. લાંબા થવું પડે છે. જયારે શાળાએ જતા વિદ્યાર્થીઓની સલામતી પણ જોખમાઈ છે. આ અંગે રેલવે કોલોનીના રહીશો દ્વારા મામલતદારને પણ રજૂઆત કરવામાં આવી છે.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com